# જીએસટીના અમલથી પ્રજાને અનેક મુશ્કેલીઓમાંથી રાહત મળશે

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, દેશમાં સમાન કર માળખાથી વેપાર-ઉદ્યોગને ફાયદો થશે અને ગરીબ તથા સામાન્ય વર્ગને કર માળખાની આંટીઘુંટીઓના પગલે ઉભી થયેલી અને મુશ્કેલીઓમાંથી રાહત મળશે. એ અર્થમાં આ કાયદો દેશના વિકાસને વધુ વેગવાન બનાવશે એમ તેમણે ઉમેર્યુ હતું. આજે અમદાવાદ ખાતે જીએસટી ડે ની ઉજવણીમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે સમાજ કર માળખાના અમલીકરણથી વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા વધી છે. સાથોસાથ વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્રે પારદર્શિતાના સરકારના મક્કમ પગલાંથી પ્રામાણિકતાનો ઉદય થયો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે નરેન્દ્રભાઈ મોદીએ દેશના વડાપ્રધાન બનતાની સાથે દેશની આર્થિક બાબતોને પ્રાધાન્ય આપ્યું છે અને આવનાર પડકારો માટે મક્કમ પગલા લીધા છે. કાળા નાણા ડામવા, જનધન યોજના, નોટબંધી જેવા અને પગલાંઓ ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં લીધાં છે. તેમાં જીએસટીના અમલથી દેશના તમામ વ્યાપાર ઉદ્યોગને મોટા પ્રમાણમાં વેગ મળશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત તમામ વિકાસના ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે. ત્યારે જીએસટીના અમલ માટે તંત્ર દ્વારા ૯૩ ટકાથી વધુ લોકો વેટમાંથી જીએસટીમાં આઈગ્રેટ થયા છે અને બાકીના પણ ટુંક સમયમાં આ પ્રક્રિયામાં જોડાઈ જશે એમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે જીએસટીના અમલથી વેપાર ઉદ્યોગનો સરળીકરણ તો થશે ખોટા આર્થિક વ્યવહારો કરતા લોકો પર સીધુ નિયંત્રણ પણ આવી જશે તેના પગલે રાજ્યની અને દેશની અર્થ વ્યવસ્થા મજબૂત થશે.

નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે જીએસટીના અમલથી ધંધા-ઉદ્યોગ-વેપારમાં સરળીકરણ થશે. ગુજરાતમાં આજથી જીએસટીનો અમલ શરૂ થયો છે ત્યારે ગુજરાત દેશના વિકાસમાં સહભાગી બન્યું છે. જીએસટીના માધ્યમથી દેશની અર્થ વ્યવસ્થાને એક કરવાનું કામ થયું છે એમ તેમણે ઉમેર્યું હતું.

નીતિનભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત હંમેશા દરેક બાબતમાં અગ્રેસર રહ્યું છે ત્યારે વેપાર-ઉદ્યોગ અને સેવાને વેગ આપવ તથા ગ્રાહકોને વ્યાજબી કિંમતે માલ અને સેવા પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

# મોરબી, વાંકાનેર જળબંબાકાર

## ધુનડા સહિતના કેટલાક ગામ તો બેટમાં ફેરવાયા : મોરબીમાં વરસાદથી જનજીવન ખોરવાયું : સાતેડા ગામમાં વીજળી પડી

અમદાવાદ,તા.૧

મોરબીમાં મોડી સાંજ સુધીમાં પાંચ ઈંચથી વધુ અને વાંકાનેરમાં છ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. સૌરાષ્ટ્ર પંથકના મોટાભાગના વિસ્તારોમાં હજુ વરસાદ ચાલુ છે. મોરબીમાં કોઝ વેમાં બે વ્યક્તિઓ ફસાઈ હતી, જેઓને તંત્રએ બચાવી લીધા હતા. ટંકારાના ખાખરા ગામે નદીમાં બાઈક સાથે બે વ્યકિત તણાઈ હોવાનું પણ જાણવા મળતાં સ્થાનિક સત્તાધીશો અને બચાવ ટીમે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી તેઓને સલામત સ્થળે ખસેડયા હતા. દરમિયાન મોરબીનું ધુનડા અને ટંકારા તાલુકાના કેટલાક ગામો તો અનરાધાર વરસાદના કારણે બેટમાં ફેરવાઈ ગયા હતા. નદીકાંઠાના અને જળબંબાકાર બની ગયેલા વિસ્તારોમાંથી ફસાયેલા કેટલાય લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. ટંકારાના ખાખરા, બંગાવડી, નેસડા, ખાનપર, ઉમિયાનગર, મેઘપર, જીવાપર, ટોળ, અમરાપર સહિતના ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. આ ગામોમાં વીજપુરવઠો ખોરવાઈ ગયો હતો. તો સલામતીના કારણોસર કંઈક કેટલાય રસ્તાઓ બંધ કરી દેવાયા હતા.

## કંપની સમાચાર

### અમદાવાદમાં એક્સલુઝિવ પ્રીથી ગેરંટી શોપનો પ્રારંભ

પ્રોડક્ટ ઈનેવેશનની દષ્ટીએ કિચન એપ્લાન્સીસ કેટેગરીમાં પાયોનિયર ગણાય છે તે પ્રીથી કિચન એપ્લાયન્સીસ દ્વારા સ્ટાર બાઝાર અમદાવાદ ખાતે તેની એક્સલુઝિવ પ્રીથી લાઉન્જનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ નવુ લાઉન્જ એક એક્સલુઝઈવ બ્રાન્ડેડ રિટેઈલ સ્ટોર બની રહેશે, જેમાં ગ્રાહકની પસંદગી માટે પ્રીથીની સમગ્ર શ્રેણી દર્શાવવામાં આવશે. સમગ્ર રાજ્યમાં માર્કેટ લીડરશીપ હાંસલ કરવાના ધ્યેય સાથે પ્રીથી દ્વારા તેનો બિઝનેસ તાજેતરમાં ગુજરાતમાં વિસ્તારવામાં આવ્યો છે. અન્ય બજારોની જેમ કંપનીની કામગીરીના ૩ સ્થંભ છે અને તે છે ગુણવત્તા, ઈનોવેશન અને સર્વિસ જે તેને બજારમાં મોખરે રાખવામાં સહાયક બનશે.

પ્રીથી ગેરંટી શોપ કે જે ભારતનો અનોખો એક્સલુઝિવ સ્ટોર ગણાય છે. તે સ્ટાર બજારના પ્રથમ માળે આવેલ છે. ૭૬૦ ચો. ફૂટના આ સ્ટોરમાં પ્રીથીની તમામ પ્રોડક્ટસની શ્રેણી ઉપલબ્ધ રહેશે. દેશના કિચન એપ્લાયન્સીસ ક્ષેત્રમાં પ્રીથી મોખરે છે. તે હાઈ સ્ટાન્ડર્ડ ડિઝાઈન અને કન્સેપ્ટની વિવિધ શ્રેણી ઓફર કરીને ગ્રાહકોની જીવનશૈલીમાં વધારો કરશે. પ્રીથી અને ફિલિપ્સના મર્જરને કારણે પ્રીથી એક મિક્સર ગ્રાઈન્ડર બ્રાન્ડથી આગળ વધવા ઉપરાંત સમગ્ર વેલ્યુ ચેઈનમાં કાર્યક્ષમતાનો વધારો થવા ઉપરાંત કંપની ઈનોવેશન અને ડેવલપમેન્ટ (આઈ એન્ડ ડી)માં રોકાણો કરી શકી છે, જેથી ગ્રાહકોને અર્થપૂર્ણ ઈનોવેશન પુરા પાડી શકાય.

### અમદાવાદ ફેમિલી ફિઝિશિયન્સ એસોસિએશને ડોક્ટર્સ ડેની ઉજવણી કરી

અમદાવાદ ફેમિલી ફિઝિશિયન્સ એસોસિએશન (એએફપીએ) દ્વારા વિવિધ સામાજિક સેવાકીય કાર્યો મારફતે આજે ડોક્ટર્સ ડેની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. એએફપીએ દ્વારા આજે શહેરની ૧૪ સ્કૂલોમાં ૨૦૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓને પ્રાથમિક ઉપચાર સારવાની પ્રાથમિક માહિતી પૂરી પાડવામાં આવી હતી. ૨૮ ફેમિલી ફિઝિશિયન્સની બનેલી ટીમે શહેરની ૧૪ સ્કૂલોની મુલાકાત લીધી હતી. આ સ્કૂલોમાં ચાંદખેડા સાબરમતી રાણીપ, મણીનગર વગેરે વિસ્તારોનો સમાવેશ થાય છે. અમદાવાદ ફેમિલી ફિઝિશિયન્સ એસોસિએશન દ્વારા આજે ત્રણ સ્થળોએ રક્તદાન શિબિરનું આયોજન કરીને ૪૦થી પણ વધુ બોટલ્સ એકત્ર કરવામાં આવી હતી. આ પ્રસંગે અમદાવાદ મેડિકલ એસોસિએશનનાં પ્રમુખ ડો. હર્ષદ પટેલ, એલિસબ્રીજનાં ધારાસભ્ય રાકેશ શાહ વગેરે પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.



**સુપ્રસિધ્ધ અંબાજીના ચુંદડીવાળા માતાજી શામળાજી, ભિલોડા પધાર્યા**

સુપ્રસિધ્ધ અંબાજીના ચુંદડીવાળા માતાજી અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી શામળીયા ભગવાનના દર્શનાર્થે પધાર્યા હતા.ભિલોડામાં રાકેશભાઈ ડી.પ્રજાપતીના ઘરે પધાર્યા હતા. ભાવિક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રાકેશભાઈ પ્રજાપતી, ભીખીબેન પ્રજાપતી, તરૂણભાઈ બારોટ સહિત સેવાભાવી ભાવિક ભક્તોએ ચુંદડીવાળા માતાજીની આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

# ખેડબ્રહ્મા કોલેજમાં પરિચય બેઠક યોજાઈ

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ, ખેડબ્રહ્મા સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થામાં બી.એ.-બી.કોમ., સેમ. ૧ માં નવો પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓના લાભાર્થે વિદ્યાર્થી પરિષદના ઉપક્રમે તા. ૨૯-૬-૨૦૧૭, ગુરૂવારના રોજ પરિચય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થામાંની સગવડોથી તેમજ સંસ્થામાં ચાલતી શૈક્ષણિક, સાંસ્કૃતિક અને વિધવિધ વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિ, સેવાઓથી નવા વિદ્યાર્થી માહિતગાર થાય તે એ બેઠકનો હેતુ હતો. તે અન્વયે વિવિધ પ્રવૃત્તિના સંયોજક દ્વારા એનએસએસ, એનસીસી, સ્કોપ, સાંસ્કૃતિક તેમજ સર્જનાત્મક પ્રવૃત્તિઓ, આંતરિક તથા યુનિ. પરીક્ષા ગ્રંથાલય-સેવા, કમ્પ્યુટર-ઈન્ટરનેટ-ઝેરોક્ષ સવલત, રમતગમત, જીમ, કાર્યાલય-સેવા, સપ્તધારા, સેમિનાર-શિબિર, ડૉ. બાબાસાહેબ આંબેડકર કેન્દ્ર, આદિજાતિ સંશોધન કેન્દ્ર, યુનિ. વ્યાખ્યાન, ભીંતપત્ર, સમયપત્રક, વિમેન સેલ, શિસ્ત, કોમર્સ લેબ, ઈંગ્લિશ લેંગ્વેજ લેબ, ફરિયાદ-નિવારણ એકમ, હોસ્ટેલ વ્યવસ્થા આદિ વિશે જરૂરી માહિતી આપવામાં આવી હતી.

## કડી કેમ્પસ ખાતે યુપીએસસી પરીક્ષાના પ્રશિક્ષણ વર્ગો

સર્વ વિધાલય કેળવણી મંડળ, ગાંધીનગર દ્વારા ધોરણ- ૬ થી ૧૨માં અભ્યાસ કરતાં વિધાર્થીઓ માટે યુ.પી.એસ.સી દ્વારા લેવાતી સનદી સેવાઓ જેવી કે, આઈ.એ.એસ, આઈ.પી.એસ, આઈ.એફ.એસ ની પરીક્ષાના પ્રશિક્ષણ વર્ગો દર શનિવાર અને રવિવારે ક્રમશ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં શરૂ કરવામાં આવનાર છે. આ વર્ગોમાં શ્રી માણેકલાલ એમ. પટેલ આઈ. એ. એસ ટ્રેનિંગ સેન્ટર ફોર સ્કુલ્સ દ્વારા મમતા આઈ.એ.એસ ટ્રેનિંગ સેન્ટરના માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવશે. પ્રશિક્ષણ વર્ગો માટેની પ્રવેશ પરીક્ષાની સંભવિત ૧૬મી જુલાઈ, ૨૦૧૭છે.

પરીક્ષાના પ્રવેશ ફોર્મ મમતા આઈ.એ.એસ ટ્રેનિંગ સેન્ટર સર્વે વિધાલય કડી કેમ્પસ, સે-૨૩, ખાતેથી સવારના ૧૦.૩૦ થી સાંજના ૬ કલાક મળી શકશે. આ પ્રવેશ ફોર્મ ભરીને તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૭ સુધીમાં જમા કરાવવાના રહેશે. તેમજ આ અંગેની વધુ માહિતી માટે મમતા આઈ. એ. એસ ટ્રેનિંગ સેન્ટર, બીજો માળ, આર.એન.લલિતકલા એકેડેમી, સર્વવિધાલય કડી કેમ્પસ, સેકટર-૨૩ ખાતેથી અથવા ફોન નંબર- ૦૭૯ ૨૩૨ ૪૮૦૦૮ પર સંપર્ક કરવો.

# સાબરકાંઠા આંજણા ચૌધરી સમાજનું ગૌરવ

ભિલોડા,તા.૧

સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતિમાં મહિલા સંગઠનમાં ઈડર તાલુકા પંચાયત પ્રમુખ એકતાબેન સુધીરભાઈ પટેલ, ચોરીવાડને ભરતસિંહ સોલંકી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખએ સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ મહિલા સંગઠન પ્રમુખ તરીકે નિમણુંક કરવા બદલ સાબરકાંઠા જીલ્લા આંજણા-ચૌધરી સમાજ, કોંગ્રેસના સૌ કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી છે. એકતાબેન પટેલ સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ મહિલા સંગઠન પ્રમુખ તરીકે નિમણુંક થવા બદલ સમાજના અગ્રણી આગેવાન હરીભાઈ ચૌધરી-અમદાવાદ, જીતુભાઈ પટેલ- ચોરીવાડ, દામુભાઈ પટેલ-ભિલોડા, જેસીંગભાઈ પટેલ - ચોટાસણ, વિનુભાઈ પટેલ-વાવ, અરૂણભાઈ પટેલ - મોડાસા, નારાયણભાઈ



પટેલ-ધનસુરા, મણીભાઈ પટેલ - કોડીયાવાડા, દિનેશભાઈ પટેલ- ચોરીવાડ, શાંતાબેન પટેલ- મેસણ, સરોજબેન ચૌધરી સહિત આંજણા ચૌધરી સમાજના અગ્રણી આગેવાનોએ બિરદાવ્યા હતા.

# જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય દ્વારા વિશ્વ યોગ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ યોગ દિવસે ધો- થી ૧૨ના વિદ્યાર્થીઓ જોડાયા હતા અને યોગ વિશે માહિતી આપવામાં આવી હતી સાથે વિવિધ પ્રાણાયામ અને આસન પણ કરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યા પ્રવિણાબેન ચૌધરીએ પ્રસંગને અનુરુપ વકતવ્ય આપ્યું હતું. યોગાસન કાર્યક્રમમાં શાળાનો સમગ્ર સ્ટાફ પણ જોડાયો હતો.

## ન્યુ ઈન્ડિયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશમાં એક નવા યુગની શરૂઆત આજે થઈ હતી. જીએસટી અમલી બન્યા બાદ હવે એક દેશ અને એક ટેક્સ વ્યવસ્થા આવી ગઈ છે. દેશમાં હજુ સુધીના સૌથી મોટા અને ઐતિહાસિક કરવેરા સુધારાના લોન્ચિંગ કાર્યક્રમ વેળા રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાસ હાજર રહ્યા હતા. જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે કરવેરા સુધારાને લોન્ચિંગ કરવા માટે ઐતિહાસિક પળ આખરે શુક્રવારે રાત્રે ૧૨ વાગે આવી ગઈ હતી. રાત્રે ૧૨ વાગતાની સાથે જ રાષ્ટ્રપતિ મુખર્જી અને વડાપ્રધાન મોદીએ એક સાથે બટન દબાવીને સમગ્ર દેશમાં એક ટેક્સ વ્યવસ્થાને વિધીવતરીતે અમલી બનાવી દીધી હતી. આ ઐતિહાસિક પળના સાક્ષી તરીકે સંસદમાં તમામ સભ્યો રહ્યા હતા. ખુબ જ ભવ્ય રીતે શણગારવામાં આવેલા સંસદીય ગૃહની આસપાસ લોકો પણ એકત્રિત થયા હતા. ઐતિહાસિક કાર્યક્રમમાં બોલતા મોદીએ કહ્યુ હતુ કે જીએસટી તમામ રાજકીય પક્ષો અને સરકારોની સફળતા છે. આ કોઈ એક રાજકીય પક્ષની અથવા તો સરકારની સફળતા નથી. તમામના પ્રયાસના કારણે આ સફળતા હાથ લાગી છે. બીજા બાજુ રાષ્ટ્રપતિએ કહ્યુ હતુ કે ઐતિહાસિક પળની શરૂઆત ૨૦૦૨માં થઈ હતી. લાંબી યાત્રા બાદ આખરે સફળતા મળી છે. પ્રણવ મુખર્જીએ જીએસટીને દેશભરના તમામ રાજ્યોની સરકારો વતચ્ચે સહમતિ અને દેશના હિતમાં તમામને સાથે આવવા કહ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે આ એક લાંબી પ્રક્રિયાનો હિસ્સો છે. આના પર વર્ષોથી ચર્ચા ચાલી રહી હતી. વર્તમાન અને પૂર્વ સાંસદોએ સતત તેના પર વાત કરી છે. આ સતત વાતચીતના કારણે જ આજે જીએસટી વ્યવસ્થા અમલી બની રહી છે.

મોદીએ સંબોધનમાં કહ્યુ હતુ કે જીએસટી એક દાખલા તરીકે છે. જીએસટી આ બાબતની પણ સાબિતી આપે છે કે ટીમ ઈન્ડિયાની એકતાના કયા પરિણામ હોઈ શકે છે. તેમણે ખાતરી આપતા કહ્યુ હતુ કે કોઈની પણ કોઈ પણ જગ્યાએ સરકાર હોય તમામ સરકારોએ જીએસટીમાં સામાન્ય લોકોના હિતોનુ ધ્યાન કર્યુ છે. મોદીએ કહ્યુ હતુ કે જે જે લોકોએ આ પ્રક્રિયાને આગળ વધારી છે તે તમામને તેઓ શુભેચ્છા આપે છે. આના કારમે ઈન્સ્પક્ટર રાજ, ટેક્સ ટેરરિઝમ જેવા દુષણ ખતમ થશે. બિઝનેસને સરળ બનાવવામાં મદદ મળશે. કારોબારીઓ માટે નવા દ્વાર ખુલી જશે. જીએસટીને લઈને હાલમાં પણ કેટલીક દુવિધા છે. મોદીએ કોઈ શંકા ન કરવા અને અફવા ન ફેલાવવા લોકોને અને અન્યોને અપીલ કરી હતી.

## આભ ફાટ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટનાઓ સામે આવી હતી. તો છૂટાછવાયા કિસ્સામાં બે-ચાર જણાં લાપતા થયા હોવાનું પણ જાણવા મળ્યું છે. સમગ્ર ગુજરાતમાં દક્ષિણ ગુજરાતથી લઈ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં મેઘો મહેરબાન થતાં લોકોએ ખુશીની લાગણી જોવા મળતી હતો તો, જયાં વધુ પડતા વરસાદે તારાજી વેરી છે ત્યાંના સ્થાનિક લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સાર્વત્રિક વરસાદ પડતાં રાજયના નદી-નાળા બે કાંઠે થઈ ગયા છે, તો કેટલાક ઓવરફલો થતાં છલકાઈ ગયા છે. તો કયાંક પાણીની આવક વધતાં કેટલાક ડેમના દરવાજાઓ પણ ખોલવા પડયા હતા. ગુજરાત રાજયમાં હજુ પણ ચારથી પાંચ દિવસ ભારે વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે ત્યારે રાજયના તમામ જિલ્લા તંત્રો અને સંબંધિત સત્તાવાળાઓને એલર્ટ પર રખાયા છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં છેલ્લા ૨૪ કલાકથી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. ટંકારા તાલુકામાં તો જાણે આભ ફાટયું હોય તેમ આઠ કલાકમાં ૧૧ ઈંચથી વધુ વરસાદ ખાબકયો હતો. જેને પગલે ટંકારા આખુ પાણીમાં ગરકાવ થઈ ગયુ હતું. રાહત અને બચાવ કામગીરીમાં એનડીઆરએફની ટીમ ઉપરાંત રાજકોટ ફાયરબ્રિગેડ સહિતની બચાવ ટીમોને કામે લગાડાઈ હતી. લોકોના મકાનોમાં, ઘરોમાં, દુકાનોમાં, રસ્તા પર, હાઈવે પર, કોમ્પલેક્ષમાં, મેદાનોમાં...જયાં જુઓ ત્યાં પાણી જ પાણી નજરે પડતું હતું. ટંકારાના લક્ષ્મીનગર તો બેટમાં ફેરવાઈ ગયુ હતું અને ભારે જળબંબાકાર સ્થિતિ થઈ ગઈ હતી. આ વિસ્તારમાં પાણીમાં ફસાયેલા આઠ બાળકો સહિતના સ્થાનિક લોકોને એનડીઆરએફની ટીમે બચાવી સલામત સ્થળે ખસેડયા હતા. એનડીઆરએફની ટીમની કામગીરી સમગ્ર રાજકોટ પંથકમાં સહાહનીય રહી હતી. જુદા જુદા સ્થળોએ એનડીઆરએફની ટીમે ભારે વરસાદના જોર વચ્ચે તેની બચાવ કામગીરી ચાલુ રાખી હતી અને રાજકોટમાં ૧૫થી વધુ લોકોને બચાવી લીધા હતા.

## ફુંકી માર્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

દીધો છે. આજે સવારે સુરક્ષા દળોએ બાતમી મળ્યા બાદ લશ્કરી અને બાકીના ત્રણ ત્રાસવાદીઓને એક ઘરમાં ઘેરી લીધા હતા પરંતુ સ્થાનિક લોકોના જોરદાર વિરોધના કારણે જવાનોને ઓપરેશનમાં તકલીફ પડી રહી હતી. જો કે ત્યારબાદ પણ સેના લશ્કરીને ઠાર મારવામાં સફળ રહી હતી. સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં એક મહિલા સહિત બે લોકોના પણ મોત થયા છે.

પોલીસના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, બશીર લશ્કરી અને અન્ય ત્રણ ત્રાસવાદી અનંતનાગના બ્રેટી ગામમાં સુરક્ષા દળોના ઘેરામાં ફસાઈ ગયા હતા.આ ત્રાસવાદીઓ ૧૬મી જૂનના દિવસે દક્ષિણ કાશ્મીરના અચબલમાં કરવામાં આવેલા હુમલામાં સીધીરીતે સંડોવાયેલા હતા. કાર્યવાહી દરમિયાન એક મહિલાનું મોત થયું હતું. ૪૪ વર્ષીય મહિલા તાહિરાને અથડામણ દરમિયાન ગોળી વાગી હતી. લશ્કરે તોઈબાના ટોપ કમાન્ડર સહિત ત્રાસવાદીઓની ઉપસ્થિતિ અંગે માહિતી મળ્યા બાદ સમગ્ર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સ્થાનિક લોકોએ ત્રાસવાદીઓને બચાવવાના પ્રયાસ કર્યા હતા પરંતુ સફળતા મળી ન હતી.

## કંપનીઓ પર તાળા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ કરી શકે છે. ત્રણ લાખથી વધુ કંપનીઓ શંકાના ઘેરામાં આવી ગઈ છે. ૩૭ હજાર એવી કંપનીઓની ઓળખ કરવામાં આવી છે જે પૈસા અહીંથી અહી કરે છે. આ એક મોટુ કામ છે. માત્ર એક કલમ ઉમેરીને જ એક લાખ કંપનીઓને કંપની રજિસ્ટ્રારના રજિસ્ટ્રારથી દૂર કરી દેવામાં આવી છે. મોદીએ કહ્યું હતું કે, ત્રણ લાખથી વધારે રજિસ્ટ્રાર્ડ કંપનીઓ એવી સપાટી ઉપર આવી છે જેમની લેવડદેવડ શંકાના ઘેરામાં છે. હજુ સુધી કુલ આંકડાઓનું મૂલ્યાંકન થયું નથી જેથી આ સંખ્યા વધી શકે છે. અર્થતંત્રને બચાવવા માટે પોતાના પ્રયાસો ગણાવતા મોદીએ કહ્યું હતું કે, ૮મી નવેમ્બર તમામને યાદ છે. ૮ નવેમ્બર બાદ એટલું કામ થયું છે કે, કેરિયરમાં ક્યારે આટલું કામ થયું નથી. તમામ સીએ દિવાળી મનાવવા ગયા હતા પરંતુ પરત ફર્યા હતા. કહેવામાં આવે છે કે તમામ સીએ દિવસ રાત કામ કરી રહ્યા હતા. દેશ માટે કામ કર્યું હતું કે, પછી ક્લાઈન્ટ માટે પરંતુ કામ ચોક્કસપણે થયું હતું. મોદીએ કહ્યું હતું કે, તેમની દેશભક્તિ અને સીએની દેશભક્તિ ઓછી નથી. તેમણે લોકોને યોગ્ય રસ્તો બતાવવા સીએને અપીલ કરી હતી. દેશમાં બે લાખ ૭૮ હજારથી વધારે એકાઉન્ટ્સ છે. આ લોકો કંપનીઓ અને નાગરિકોને રસ્તો બતાવે છે પરંતુ જો આ લોકો ખોટા રસ્તા બતાવશે તો દેશ ગેરમાર્ગે દોરાઈ જશે.

## સાર્વત્રિક વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અત્યાર સુધીમાં ત્રણ ઈંચ કરતાં વધુ વરસાદ થઈ ચુક્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ કલોલ તાલુકામાં થયો છે જે ૧૧૩ મિ.મિ. જેટલો છે જ્યારે ગાંધીનગર, માણસા અને દહેગામમાં ૯૦ થી ૧૦૦ મિ.મિ. જેટલો વરસાદ થઈ ચુક્યો છે.

વરસાદના આગમનને પગલે ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પણ નવા પાણીની આવક થવા પામી છે. ઉનાળાની આકરી ગરમી પછી ઠંડક થતાં લોકોએ પણ રાહતનો દમ લીધો છે.

## ઝરમર વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાસેના મુખ્ય માર્ગ પર તેમજ ઘ-૪ સહીતના વિસ્તારમાં વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતુ. રાત્રિ દરમિયાન સતત વરસાદ ચાલુ રહેતા સવારે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જયારે સવારે પણ વરસાદી વાયરો યથાવત રહયો હતો. સવારે પણ વરસાદના હળવા ભારે ઝાપટા વચ્ચે આખો દિવસ વાદળિયુ વાતાવરણ યથાવત રહયુ હતુ. દિવસ દરમિયાન પણ જરમર વરસાદ વચ્ચે ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. વરસાદના લીધે સેકટરોના કોમન પ્લોટમાં પાણી ઉભરાયુ હતુ. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. સતત વરસાદી વાતાવરણના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. સવારે ભારે વરસાદી ઝાપટાના લીધે શાળાએ જતા વિદ્યાર્થીઓને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં પણ ૫ ડી ગ્રીનો ઘટાડો નોંધાયો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૪.૫ ડી ગ્રી એ પહોંચી ગયુ હતુ. બીજીતરફ ભેજનુ પ્રમાણ પણ સવારે ૯૮ અને સાંજે ૯૨ ટકા નોંધાયુ હતુ.

## કપડાની પણ માગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટાન્ડર્ડ ઈન ટેકનિકલ ટેક્ષટાઈલ્સ સેમિનારમાં સિન્ટેક્ષ કંપનીના ડિરેક્ટર એસ. બી. ડાંગ્યાકે જણાવ્યું કે, આધુનિક ટેક્નોલોજીના કારણે બનતા કપડાં થકી આગ અને પાણીથી બચી શકાય છે. અંતરિક્ષમાં પણ ચાલે અને ભૂગર્ભમાં પણ શરીરની રક્ષા કરે તેવા કપડાંની શોધ પણ શક્ય બની છે. આવનારા સમયમાં વધુને વધુ લોકો આ અંગે જાણકારી પ્રાપ્ત કરશે તેમાં બે મત નથી.

પ્લાન્ટ ફાયબર ઓન હિમાલયન ફૂટહિલ સેમિનારમાં રેમન્ડના ડિરેક્ટર એસ.કે. સોમે જણાવ્યું હતું કે, ભારતમાં લીનન કાપડની માંગ ખૂબ વધી છે. વર્ષ ૨૦૧૭-૧૮માં સમગ્ર ભારતમાંથી કુલ ૯૦,૭૩૭ સ્પિન્ડલ લિનન યાનનું ઉત્પાદન કરાયું હતું. ઈટલી, કોરિયા અને ચીનમાં લિનનનું સૌથી વધુ ઉત્પાદન થાય છે.

આ તકે પ્રો. બી. એસ. મહાપાત્રએ જણાવ્યું હતું કે, કેજ્યુઅલ પ્રકારના લિનન કાપડના છોડ મજબૂત રેસાં ધરાવે છે અને ગુજરાતમાં તેનું ઉત્પાદન શક્ય છે. લિનનના ઉત્પાદનથી કૃષિ અને ટેક્ષટાઈલ્સ બંને ક્ષેત્રનો સમાંતર વિકાસ શક્ય છે.

ઉપરોક્ત ત્રણેય સેમિનારમાં જે તે વિષયને અનુરૂપ તજજ્ઞોએ ઉપસ્થિત રહીને વિષયને લગતી ગહન ચર્ચા કરી ટેક્ષટાઈલ્સ ઉદ્યોગને નવા આયામ સુધી પહોંચાડવા તત્પરતા દાખવી હતી. જેનો બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

## બેઠક યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાંવ્યુ છે. પરંતુ હજુ પણ ૧૦ શાળાઓનુ પરિણામ નબળુ હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. નબળુ પરિણામ ધરાવતી શાળાઓને ધ્યાને લઈ શિક્ષણની ગુણવત્તામાં સુધાર લાવવા સહીતના યોગ્ય પગલા લેવા માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આ શાળાના આચાર્યો અને શિક્ષકો સાથે બેઠક યોજવામાં આવશે. હાઈટેક બનતી શિક્ષણ પધ્ધતિ સાથે શિક્ષણમાં સ્પર્ધાત્મક અભિગમ વધુ મજબુત બન્યો છે. ત્યારે ખાનગી શાળાઓની સાપેક્ષમાં સરકારી શાળાઓમાં પરિણામની ટકાવારી શિક્ષણતંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. બાર્ડ પરિણામમાં જિલ્લાઓની શાળાઓના પરિણામની ટકાવારી સુધારવા માટે શિક્ષણતંત્ર દ્વારા ગત વર્ષ દરમિયાન પણ વધારાના વર્ગો શરૂ કરવા સહીત શાળાના શિક્ષકોની ટેસ્ટ લેવા ઉપરાંત જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પણ સમયાંતરે બેઠકો યોજીને આચાર્યોની કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવતી હતી. માર્ચ ૨૦૧૭ માં ધોરણ ૧૦- ની બાર્ડ પરીક્ષાના પરિણામના અંતે જિલ્લાની ૧૦ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચુ જાહેર થયુ હતુ. જેને ધ્યાને લઈ જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા આ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા અને પરિણામની ટકાવારી સુધારવા માટે ટુંકમાં જ જરૂરી પગલા લેવાશે. જિલ્લા શિક્ષણતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ નબળુ પરિણામ ધરાવતી શાળાઓના આચાર્યો સાથે ટુંકમાં જ બેઠક યોજી પરિણામ સુધારણા માટેના અસરકારક પગલા લેવાશે. શાળામાં પરિણામની ટકાવારીમાં સુધાર લાવવા માટે વધારના વર્ગો ઉપરાંત શાળાના આચાર્યો અને વિષય શિક્ષકો સાથે પણ જરૂરી પરામર્શ કરી નબળા વિદ્યાર્થીઓ તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કરવા માટે આયોજન કરવામાં આવશે.

## મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

ધ્યાન રાખવામાં આવે છે. તો વળી બગીચામાં વિશ્રાંત છત્રીઓ બનાવવામાં આવી છે. જેમાં પદયાત્રીઓ, વટેમાર્ગુઓ કે મુલાકાતીઓ પ્રકૃતિના સાનિધ્યમાં બેસીને શાંતિનો અનુભવ કરી શકે.

આ ગોકુલધામ કેમ્પસની વિશિષ્ઠતા એ છે કે અહીયા સવા લાખ ચોરસફૂટમાં ઉધાન અને ત્રણ હજારથી વધુ ૧૨૫ જાતના વૃક્ષો ઉછેરવામાં આવે છે.તો વળી હાલ લૂપ્ત થઈ રહેલી વનઔષધિઓના ઉછેર માટે પણ આ અહીં જાતજાતના રોપાઓ, ઔષધિવનનો પ્રોજેક્ટ કાર્યરત છે. ગુજરાતમાં ભાગ્યે જ જોવા મળતું '' રૂદ્રાક્ષનું વૃક્ષ '' અહી સંત નિવાસના પ્રાંગણમાં જોવા મળ્યું. જેને નિષ્ઠાપૂર્વક એક વ્યક્તિની માફક ઉછેરીને એનું જતન કરવામાં આવે છે.

આમ ગુજરાતમાં કે દેશમાં કે વિશ્વભરમાં અનેક ધાર્મિક સંસ્થાઓ હશે. પણ અહીંનું પ્રાકૃતિક સૌન્દર્ય, વાતાવરણ, ધરતીની મહેક, આકાશની ખુલ્લી વિશાળતા અને વૃક્ષોની લીલ્લાશ. જે સૌ કોઈને શાંતિનો અનુભવ કરાવે છે. અહી આવ્યા પછી થાય છે કે આપણો અઢળક આર્થિક વૈભવ જે સુખ શાંતિ નથી આપી શકતો. તે અહીયા આ ધરતીના ઓરામાં પ્રવેશતા જ, વૃક્ષોની નીચે બેસવાથી જ કે ગૌશાળાના દુધના કેનમાંથી એકાદ ગ્લાસ દુધ પીવાથી સુખ શાંતિનો અનુભવ થાય છે. જેનું મૂલ્ય ધનથી આંકી શકાતું નથી. અહીં સ્થિત સ્વામી હરિકૃષ્ણદાસ સ્વામી સાથે સાંજે એકાદ કલાક સત્સંગ કર્યો, તેઓએ નાની ઉંમરમાં ખુબ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે પણ તેમની સાથેની વાતોમાં અનુભવાયું. તો વળી અહીંના મુખ્ય સ્વામી શ્રી સુકદેવપ્રસાદ સ્વામી હાલ અમેરિકા હોવાથી તેમની સાથે મોબાઈલમાં વિડીઓ કોલ દ્વારા થોડો સત્સંગ કરી તેમના દર્શન અને વાણીનો ઓરા અને ઊર્જાનો છેક અહી સુધી અનુભવ કર્યો એ પણ એક ચમત્કારિક ઘટના હતી. અહીના ડિરેક્ટર શ્રી મનુભાઈનું આતિથ્ય, આત્મીયતા અને ઉત્સાહ પણ અવિસ્મરણીય રહેશે.

મને વિશ્વાસ છે આવનારા સમયમાં આ ગોકુળધામ માત્ર ગુજરાત કે ભારત જ નહીં પણ વિશ્વની ઉત્તમ સંસ્થાઓમાંની એક બની રહેશે. અને અહીંથી શિક્ષણ લઈને બહાર નીકળનાર વિદ્યાર્થીઓ આવનારા નવા યુગના ઘડવૈયા બનશે અને સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કરશે.

- 9426060601.india@gmail.com

## રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

શત્રુ પર વિજય થશે એવું ગણિત ગણવું...! હજુ થોડા વધુ : તેતર દેખાવા : સન્માનમાં વધારો થવો... પોતાને હંસતા જોવા : કોઈની સાથે વિવાદ થવો... તડબૂચ ખાતા દેખાવુ : કોઈની સાથે દુશ્મની થશે... જહાજ દેખાવા : દૂરની યાત્રા થાય...ઝંડો દેખાવો : ધર્મમાં આસ્થા વધશે.. . છાતી કે આંખ ખંજવાળવુ : ધનલાભ...દિવાસળી સળગાવવી : ધનની પ્રાપ્તિ થવી...સૂકું જંગલ દેખાવુઃ- પરેશાન થવું... મડદા દેખાવા : બીમારી દૂર થવી... ઘરેણા દેખાવા : કોઈ કામ પૂરાં થવા... ચંદ્રમા દેખાવો : સન્માન મળવું... પક્ષીને રોતા જોવુ : ધન સંપત્તિ નષ્ટ થવી...વગેરે વગેરે ! આ તો બધા શાસ્ત્રોમાં લખેલા સપનાઓના અર્થો છે જરૂરી નથી કે આવું જ થાય પણ હા વિશ્લેષકો, સંશોધકો અને શોધ્કાર્તાઓના મતે મોટાભાગના સપનામાં કશુક કશુક ગર્ભિત છુપાયેલું હોય છે એ હકીકત છે સવાલ એ જ છે કે એ ગર્ભિત વાત બન્યા પહેલા જો પારખી શકીએ તો સપના સફળ થાય....!